# એક ઉતમ સાત્વિક સાહિત્યકારની વિદાય.

હરેશ ધોળકિયા.

સરાસરી માનવ સાગર વચ્ચે કોઈ પ્રતિભાશાળી વ્યકિતત્વ વિદાય લે છે ત્યારે થોડી ક્ષણો અસ્વસ્થ થઈ જવાય છે. આવા લોકો સરાસરીપણાની સુનામી વચ્ચે સ્વસ્થ દીવાદાંડી જેવા હોય છે જેમના પાસે બેસવાથી કે તેમનો વિચાર કરવાથી પણ સ્વસ્થ રહી  શકાય છે.

આવા એક પ્રતિભાશાળી સાહિત્યકાર ભગવતીકુમાર શર્માએ પણ વિદાય લીધી. ઉમર કંઈ અફસોસ કરવા જેવડી ન હતી. મોટા હતા. પણ હતા તો અનેકો માટે પ્રેરણારુપ હતા. અનેક સાહિત્યકારો અને વાચકો પણ તેમના સાંનિધ્યથી સાત્વિક જગતની અનુભૂતિ કરતા હતા. દીવાદાંડી રાત્રે જરાક પણ બંધ થાય, તો સમુદ્રમાં ગાઢ અંધકારનો અનુભવ થતો હોય છે.  આવું જ આવી વ્યકિતઓ માટે થતું હોય છે. તેઓ ચારે બાજુ ગાઢ અને વ્યાપક બૌધ્ધિક અંધકારમાં પ્રકાશ પાથરવાનું કામ કરતા હોય છે. ભગવતીકુમાર પણ સાહિત્યના માધ્યમથી કરતા હતા.

ભગવતીકુમાર શર્માની નવલકથાઓ વાંચવી એક લહાવો હતો. રસપ્રદ તો હોય જ, પણ સાથે સાત્વિક હોય. વાચક તે વાંચે તો તેને જીવનમાં, મનમાં શાંતિનો અનુભવ થાય. ' અસૂર્યલોક' અને તેવી બીજી નવલકથાઓ પ્રગટ થયેલ ત્યારે તેણે શાંત કોલાહલ મચાવેલ. તેમનાં કાવ્યો પણ ઉતમ કક્ષાનાં રહેતાં. તેમની આત્મકથા તો અદભુત જ હતી. તે ભગવતીકમારની તો આત્મકથા હતી જ, પણ સાથે સુરતની પણ કથા હતી. ભગવતીકુમારના જીવનના તબકકાઓ તો જાણવા મળે જ છે, પણ સમાંતરે સુરતનો વિકાસ પણ જોવા મળે છે. ગુજરાતીમાં એક સર્વોતમ કહી શકાય તેવી આ આત્મકથા છે.

જીવનના વિવિધ તબકકાઓમાં કયારેક કયારેક અકસ્માતે આવા સાહિત્યકારોનો સત્સંગ થઈ જતો હોય છે. મને પણ ભગવતીકુમારનો નાનો નાનો સત્સંગ થતો રહ્યો છે. વાચક તરીકે તો તો સત્સંગ રહ્યો, પણ રૂબરૂ પણ તેમનો લાભ મળેલ છે. તેમનાં શાંત વ્યકિતત્વને માણવાની ક્ષણો મેળવી છે તે સદભાગ્ય છે.

૧૯૭૫ આસપાસ ગુજરાતના ઉતમ સાહિત્યકાર ડો. ગુણવંતભાઈ શાહે એક પ્રયોગાત્મક શિબિર શરુ કરેલ. તેમણે સમગ્ર ગુજરાતમાંથી વાચન શોખીનોને એકઠા કરવાનું શરુ કર્યું અને તેમના માધ્યમથી વાચન શિબિર શરુ કર્યા.દર વર્ષે વલસાડ પાસે આવેલ બિલીમોરા ગામની નદી કિનારે આવેલ એક વાડી–જે " ડાહ્યાકાકાની વાડી" કહેવાતી–માં ત્રણ દિવસ માટે આ શિબિર યોજાતો. તેમાં ગુજરાતના અઠંગ વાચકો તો ઠીક છે, પણ મોટા મોટા સાહિત્યકારો, વાઈસ ચાન્સલરો, ડોકટરો, અધિકારીઓ આવતા. દરેકે પોતા સાથે પોતાને ગમતાં બે પુસ્તકો લઈ આવવાનાં ફરજિયાત હોય. આ પુસ્તકોનો તેણે જ પરિચય આપવાનો હોય. પછી ત્રણ દિવસ આ પુસ્તકો જાહેરમાં જ રહે. મન પડે તે વાંચે. ત્યારે ગુણવંતભાઈની ઓળખાણ થઈ ગયેલ. તેથી પહેલી જ શિબિરમાં મને આમંત્રણ આપેલ. પછી પણ બે–ચારમાં ગયાનું યાદ છે. ત્રણે ત્રણ દિવસ પ્રતિભાવાનો અને પુસ્તકોની હાજરીમાં મસ્તીથી રહેતા. તરબતર થઈ જતા.

આવા, કદાચ, બીજા શિબિરમાં જવાનું થયું. ત્યારે બે પુસ્તક લઈ ગયેલ. એકનું તો નામ યાદ નથી આવતું, કદાચ આયન રેન્ડની નવલ હતી ( એટલાસ શ્રગ્ડ), પણ બીજું પુસ્તક ભગવતીકુમાર શર્માની નવલકથા " વ્યકત મધ્યમ" હતી. તાજી બહાર પડેલી. તરત વાંચેલ. કૃષ્ણમૂર્તિનાં ચિંતનને અનુકૂળ કથા હતી. અને ત્યારે ( આમતો હજી પણ )કૃષ્ણમૂર્તિ પાછળ ગાંડા થવાયેલ. એટલે એ સંદર્ભમાં આ નવલકથા ખૂબ ગમી ગઈ હતી. તેથી તે  જ ત્યાં લઈ ગયો હતો.

પુસ્તક પરિચયની શરુઆત મારાથી જ થતી. ગુણવંતભાઈ મારી ઓળખ જ એમ આપતા કે આ ભાઈ ખૂબ દૂરથી આવે છે. એટલે તેને પહેલી તક. એટલે શરુઆત મારાથી જ થાય. મેં બન્ને પુસ્તકોનો વિસ્તૃત પરિચય આપેલ.  બધાને ખૂબ પસંદ પડેલ. મોટા ભાગના રૂટિનલ પુસ્તકો લઈ આવતા. ભાગ્યે જ કોઈ નવાં, તાજાં, નવા વિષયનાં અને અંગ્રેજી પુસ્તકો લઈ આવતા. અને મારાં બન્ને નવાં હતાં. અપરિચિત હતાં. તેથી બધાને રસ પડયો. બધાએ પ્રશંસા કરી. ત્યારે યુવાન, મુગ્ધ અવસ્થા એટલે ફુલાઈ ગયેલ !

સવારનાં સેશન પૂરાં થયાં. બધા સાથે જમવા બેઠા. એક ટેબલ પર ચારે જણા બેસે. હું પણ એક ટેબલ પર બેઠો. તેમાંની એકાદ વ્યકિત ઓળખે. બાકી નવા. હું શાંતિથી બેઠો હતો. પીરસાતું હતું. મારી સામે એક દુબળી વ્યકિત બેઠી હતી. આંખો પર જાડાં ચશ્માં હતાં. ઝભ્ભો–પાયજામો પહેરેલ હતો. તેમણે અચાનક મારા સામું જોઈ પૂછયું, " તમને ' વ્યકત મધ્ય' ખરેખર ખૂબ ગમી છે ?" મેં તેમના સામે જોયું. પછી હા પાડી. તેમણે બીજા પણ તે વિશે સવાલો પૂછયા જેના મેં જવાબો આપ્યા.  પછી મેં તેમને પૂછયું, " તમે આ 'વ્યકતમધ્ય' વાંચી છે ?"

તેમણે શાંતિથી જવાબ આપ્યો, " ના, મેં તે લખી છે."

હું તો સ્તબ્ધ થઈ ગયો. તો શું આ જ આ નવલના લેખક ભગવતીકુમાર છે ? મેં તેમના સામે સ્તબ્ધતાથી જ જોતાં પૂછયું, " તો શું તમે જ.....? "

જાડાં ચશ્માપાછળ સ્નેહાળ આંખો હસી ઉઠી અને તે બોલ્યા, " હા, હું જ આ નવલનો લેખક છું. ભગવતીકુમાર શર્મા. "

હું તો સટાક કરતો ઊભો થઈ ગયો અને તેમના પાસે જઈ નમી વંદન કર્યાં. તે સંકોચાયા પણ ખુશ થયા. પછી તો મેં તે પુસ્તક વિશે બીજી એકાદ બે વાતો કરી. તેમણે શાંતિથી સાંભળી. તેમણે કહ્યું, " તમારું વર્ણન વાંચી મને પણ આ નવલ આટલી

સારી છે તે ખબર પડી." અમે બધા હસી પડયા.

આ તેમનો પહેલો પરિચય. પછી તો ત્રણે દિવસ તેમના સાથે રહેવાની તક મળી. પણ આ શિબિરમાં આવવું સફળ થઈ ગયું એમ લાગ્યું.

પછી પણ ટુકડે ટુકડે તેમનો પરિચય ચાલુ રહ્યો.

હું એક શિક્ષક હતો. ત્યારે વિવિધ વિષયો પર અનેક શિબિરો સમગ્ર ગુજરાતમાં થતા. ગુણવતભાઈ પણ જે શિબિરો કરતા તેમાં મને અચૂક બોલાવતા. ત્યારે તે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણના વડા હતા. તે સુરતમાં અવારનવાર શિબિરો યોજતા અને મને આમંત્રણ આપતા. હું પણ જતો. આવા બે ચાર શિબિરોમાં ગયો હોઈશ. દર વખતે હું ગોપીપુરામાં મારા સંબંધીને ત્યાં રોકાતો. ત્યાંથી યુનિવર્સિટી જતો. ગોપીપુરા થોડું અંદર. એટલે હાઈ વે પર આવવા માટે શેરીઓમાંથી થઈ જવું પડે. આ શેરીઓમાંની એક શેરીમાં રસ્તા પર જ ભગવતીકુમારનું ઘર. બે માળનું જૂનું હવેલી જેવું ઘર. તેમાં બીજા માળે તે રહે. જૂનો કીચકીચાટ અવાજ કરતો લાંબો પહોળો દાદરો. ચડતાં બીક લાગે. ધ્યાન રાખવું પડે. પણ જેવો તેમના ઘર પાસેથી પસાર થાઉં એટલે અટકી જાઉં અને તેમના ઘરમાં જઈ, દાદરો ચડી જાઉં જ. તે હિંચકા પર બેઠા હોય. કાં વાંચતા હોય અથવા તો લખતા હોય. તેમને વંદન કરું. તે કરતા હોય તે કામ મૂકી દે અને ઉષ્માપૂર્વક સ્વાગત કરે. થોડી પળો વાતો કરું. તેમના લેખન વિશે જાણું. તે પણ નીરાંતે પ્રેમથી વાતો કરે. જરા પણ ઉતાવળ ન કરે. મજા પડી જાય. કયારેક ઘેર ન હોય તો મુખ્ય રસ્તો આવે ત્યાં જ સુરતનાં વર્તમાનપત્ર' ગુજરાતમિત્ર'ની ઓફિસ આવે. તેમાં તે હોય. તેમાં પ્રવેશ કરી લોકોની ભીડમાંથી તેમને શોધી કાઢું. ત્યાં તો તે સખત વ્યસ્ત હોય. છતાં પાંચેક મિનિટ તો કાઢે જ અને વાતો કરે જ.

આ સીધાં મિલન સાથે હું દર દીવાળીના તેમને નવા વર્ષનો અચૂક પત્ર લખું અનેઆશીર્વાદ માગુ. અનેક વાર તેમણે જવાબો પણ આપ્યા છે. પણ પછી કદાચ નબળી આંખોના કારણે જવાબ આપવાના બંધ કર્યા હતા. પણ મે તો વર્ષો સુધી આ પત્રો નિયમિત લખેલા. પછી કેવળ તેમનાં પુસ્તકો દ્વારા જ તેમનો સત્સંગ થતો. છેલ્લે તેમની આત્મકથા વાંચી અતિ આનંદનો અનુભવ કરેલ. વચ્ચે એક વાર તેમનાં પુત્રી રીનાબહેન ભુજમાં કાર્યક્રમ માટે આવેલ અને બહેન દર્શના પાસે ઘેર આવેલ ત્યારે તેમની પૂછા કરેલ. ત્યારે તેમણે જણાવેલ કે હવે આ હવેલી છાપ ઘરમાંથી નીકળી ગયા હતા અને સોસાયટીમાં ઘર લીધું હતું અને ત્યાં જ રહેતા હતા. પછી દીવાળી કાર્ડ બંધ કરેલ. પણ મનમાં તો સતત સ્મૃતિમાં રહ્યા હતા.

આવા સાત્વિક, વિચારવાન, સંવેદનશીલ, કલ્પનાશીલ લેખક, કવિ, નિબંધકાર, પત્રકાર જેવાં અનેક નામ અને કામ ધારણ કરેલ શ્રી ભગવતીકુમાર શર્માના અવસાનના જયારે સમાચાર જાણ્યા, ત્યારે સમગ્ર ભૂતકાળ મન સામે આવી ગયો અને તેમનો જાડાં ચશમાવાળો સ્નેહાળ ચહેરો સતત દેખાતો રહ્યો. કહે છે કે " સત્સંગ કી આધી ઘડી" પણ વ્યકિતને મદદ કરે છે અને અનેક સંદર્ભમાં પ્રેરિત કરે છે. ભગવતીકુમાર સાથેની ભલે થોડી ક્ષણો, પણ એ બધી મીઠી રહી છે. તેમના સ્નેહનો પૂરો અનુભવ કર્યો છે. તેમની નવલકથાઓએ બુધ્ધિને પોષી છે. આ સત્સંગ આજીવન યાદ રહેવાનો. સર્જકો કયારે જતા નથી. તેઓ તો તેમની કૃતિઓથી અમર જ રહેતા હોય છે. ભગવતીકુમાર પણ વાચકોના હૃદયમાં અમર રહેશે. જ.

❑❑❑